(અનુસંધાન પાના નંબર ૮ ઉપરનું ચાલુ)

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૬/૦૨/૧૯૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ-ક અથવા તા.૨૭/૦૪/૨૦૧૭ના ઠરાવથી નિયત કરાયેલ પરિશિષ્ટ-૪ મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

- પરિણિત મહિલા ઉમેદવારે આવું પ્રમાણપત્ર તેણીના માતા-પિતાની આવકને આધારે જ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકને આધારે આવું પ્રમાણપત્ર રજૂ કરેલ હશે તો તેઓને અનામતનો લાભ મળવાપાત્ર રહેશે નહીં.
- પરિશિષ્ટ-ક અથવા પરિશિષ્ટ -૪ ને સ્થાને અંગ્રેજીમાં આપેલું Annexure-A નું પ્રમાણપત્ર માન્ય ગણાશે નહીં. જો કોઈ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઈસ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહીં હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવશે અને તેઓને બિનઅનામત જગ્યા સામે પણ વિચારણામાં લેવામાં આવશે નહી.
- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંકઃ સશપ/ ૧૨૨૦૧૫/૪૫૫૨૬/એ અને આ અંગે વખતો-વખત સરકારશ્રીના ઠરાવ મુજબનું સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવાનું પ્રમાણપત્ર ઉમેદવાર ધરાવતા હોવા જોઈએ.
- નોંધ-સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઠરાવ ક્રમાંક:સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/અ, તા.૧૨.૦૬.૨૦૨૦ ની જોગવાઈઓને આધીન તા.૦૧.૦૪.૨૦૧૬ થી તા.૩૧.૦૩.૨૦૧૭ અને તા.૦૧.૦૪.૨૦૧૭ થી તા.૩૧.૦૩.૨૦૧૮ દરમિયાન ઈસ્યુ કરવામાં આવેલ ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર(Non Creamy Layer Certificate) ને પણ માન્ય ગણવામાં આવશે પરંતુ આ સમયગાળા દરમિયાન ઈસ્યુ થયેલ પ્રમાણપત્ર સાથે ઉમેદવારે તેના "બિન ઉન્નત વર્ગના દરજ્જા"(Non Creamy Layer Status)માં કોઈ ફેરફાર થયેલ નથી તથા તેઓ રાજ્ય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલ પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તે મુજબનું બાહેધરીપત્રક ઉક્ત ઠરાવ સાથેના પરિશિષ્ટથી નિયત થયેલા નમૂનામાં આપવાનું રહેશે, રાજકોટ મહાનગરપાલિકા જ્યારે NCLC પ્રમાણપત્ર મંગાવે તે સમયે ઉમેદવારે પ્રમાણપત્રની સાથે આ બાંહેધરી રજૂ કરવાની રહેશે. આ જોગવાઈના દુરૂપયોગ બદલ અનામતનો લાભ રદ થવા પાત્ર છે અને ઉમેદવાર કાયદેસરની કાર્યવાહીને પાત્ર બને છે. જેથી વધારેલ અવધિનો લાભ લેતા અગાઉ ઉમેદવારોએ ઉક્ત ઠરાવની તમામ જોગવાઈઓનો અભ્યાસ કરી લેવા જણાવવામાં આવે છે. તા.૦૧.૦૪.૨૦૧૬ થી તા.૩૧.૦૩.૨૦૧૭ અને તા.૦૧.૦૪.૨૦૧૭ થી તા.૩૧.૦૩.૨૦૧૮ દરમિયાન ઈસ્યુ કરવામાં આવેલ ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર"(Non Creamy Layer Certificate)સંદર્ભે બાહેંધરી આપવાની રહેશે.

**આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો માટેઃ**

- આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક:ઈ.ડબલ્યુ. એસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજીમાં ANNEXURE KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ-ગ) માં મેળવેલ પાત્રતા પ્રમાણપત્ર (અર્થાત તેઓ EWS Category હેઠળ આવે છે તે મતલબનું પ્રમાણપત્ર)ના નંબર અને તારીખ ઓન લાઈન અરજી કરતી વખતે દર્શાવવાની રહેશે તથા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મંગાવવામાં આવે ત્યારે તે રજૂ કરવાનું રહેશે
- નોંધ: સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:ઈડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩ /અ, તા.૨૬.૦૬.૨૦૨૦ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગો(EWS)માટેના પાત્રતા પ્રમાણપત્રો ઈસ્યુ(issue)થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે. પરંતુ તા.૨૫.૦૧.૨૦૧૯ થી તા.૧૨.૦૯.૨૦૧૯ સુધી ઈસ્યુ થયેલ EWS પ્રમાણપત્રની વધારેલ અવધિનો લાભ લેવા માટે ઉમેદવારે તેના કુટુંબની આવકમાં વધારો થયો નથી અને રાજ્ય સરકારના અનામતના હેતુ માટે નક્કી થયેલ પાત્રતાના માપદંડ મુજબ લાયક ઠરે છે તેવી બાહેંધરી ઉક્ત ઠરાવ સાથેના પરિશિષ્ટથી નિયત કર્યા મુજબના નમૂનામાં આપવાની રહેશે. રાજકોટ મહાનગરપાલિકા જ્યારે EWS પ્રમાણપત્ર મગાવે તે સમયે ઉમેદવારે પ્રમાણપત્રની સાથે આ બાંહેધરી રજૂ કરવાની રહેશે. આ જોગવાઈના દુરૂપયોગ બદલ અનામતનો લાભ રદ થવા પાત્ર છે અને ઉમેદવાર કાયદેસરની કાર્યવાહીને પાત્ર બને છે. જેથી વધારેલ અવધિનો લાભ લેતા અગાઉ ઉમેદવારોએ ઉક્ત ઠરાવની તમામ જોગવાઈઓનો અભ્યાસ કરી લેવા જણાવવામાં આવે છે. તા.૨૫.૦૧.૨૦૧૯ થી તા.૧૨.૦૯.૨૦૧૯ સુધી, ઈસ્યુ થયેલ EWS પ્રમાણપત્રની વધારેલ અવધિ સંદર્ભે બાહેંધરી આપવાની રહેશે.
- મહિલા ઉમેદવાર જો તેમના પિતાને બદલે પતિના નામે અરજી કરવા માંગતા હોય તો તેમણે લગ્ન રજિસ્ટ્રેશનની નકલ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે ફરજીયાતપણે રજુ કરવાની રહેશે.
- ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઇલ નંબર લખવો અનિવાર્ય છે, જે ઉપર ભવિષ્યમાં ભરતી અંગે સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઇલ નંબર લખેલ ન હોય તેવા ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે રાજકોટ મહાનગરપાલિકાની કોઇ જવાબદારી રહેશે નહી.
- સદરહુ જગ્યાની ભરતી પ્રક્રિયા અંગે ઉમેદવારોને કોઈ જ લેખિત પત્રવ્યવહાર કરવામાં આવશે નહીં. જેની નોંધ લેવી, ઉમેદવારોએ આ જગ્યાની આગળની ભરતી પ્રક્રિયા અંગેની જાણકારી માટે વખતો-વખત રાજકોટ મહાનગરપાલિકા ની વેબ સાઈટ http://www.rmc.gov.in જોતા રહેવા વિનંતિ છે.
- ઉમેદવારને લેખિત પરીક્ષા કેન્દ્ર તથા સ્થળ કોઇપણ સંજોગોમાં બદલવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.
- ઉમેદવારોએ લેખિત પરીક્ષા/ ઈન્ટરવ્યુ માટે સ્વખર્ચે આવવાનું રહેશે.
- પસંદગીની પ્રક્રીયાના અધિકારો સક્ષમ સત્તા દ્વારા નક્કી કરેલ રાજકોટ મહાનગરપાલિકાની સ્ટાફ સિલેક્શન કમિટી/મ્યુનિસિપલ કમિશનરશ્રી પાસે અબાધિત રહેશે અને આ કમિટી/મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.
- પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધારી ઠરાવે તે શરતોને આધિન રહેશે.
- ઉમેદવારે ઓનલાઇન અરજીમાં કોઇપણ વિગત ખોટી દર્શાવેલ હશે અથવા ભરતી પ્રક્રિયાના કોઇપણ તબક્કે ખોટી માલૂમ પડશે તો તેમની અરજી જે તે તબક્કે રદ કરવામાં આવશે તથા તેણે લાયકી ધોરણ (Passing Standard) મેળવેલ હશે તો પણ તેમની ઉમેદવારી રદ ગણાશે. તેમજ ભવિષ્યમાં પણ ઉમેદવારે નિમણૂક સમયે રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ અને અન્ય પુરાવા ખોટા માલુમ પડશે કે શંકાસ્પદ જણાશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ આવા ઉમેદવારની પસંદગીથી નિમણુંક થયેલ હશે તો કોઇપણ તબક્કે નિમણુંક રદ કરવામાં આવશે.
- સીધી કે આડકતરી રીતે સ્ટાફ સિલેક્શન કમિટીના સભ્યો ઉપર લાવવામાં આવેલ દબાણ ઉમેદવારની ગેરલાયકાતમાં પરિણમશે.
- આપેલ જાહેરખબર કોઇપણ કારણોસર રદ કરવાની કે તેમા ફેરફાર કરવાની આવશ્યકતા ઊભી થશે તો તેવા સંજોગોમાં તેમ કરવાનો રાજકોટ મહાનગરપાલિકાનો સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે અને રાજકોટ મહાનગરપાલિકા આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
- સદર ખાલી પડેલ જગ્યાઓની ભરતી પ્રકીયા જે તે સમયના રોસ્ટર નિયમને આધીન કરવામાં આવેલ છે.
- જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, તમામ ઉમેદવારોને આગળની ભરતી પ્રક્રિયા માટે વિચારણામાં લેવા કે મેરીટના આધારે શોર્ટલીસ્ટ કરી આગળની ભરતી પ્રક્રીયા/લેખિત પરીક્ષા/મૌખિક ઈન્ટરવ્યુ/ઓનલાઇન પરીક્ષા માટે વિચારણામાં લેવા તે અંગે મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય અંતિમ ગણાશે. વધુમાં, લેખિત પરીક્ષા લેવાના સંજોગોમાં લેવાની થતી સંભવિત લેખિત/ઓનલાઇન પરીક્ષા જરૂર જણાયે એક કરતાં વધુ સેશનમાં, જુદા-જુદા શહેરોમાં યોજવામાં આવશે. જે બાબતે ઉમેદવારો કોઇ તકરાર કરી શકશે નહી.
- જાહેરખબરમાં આવેલ અરજીઓની સંખ્યાને ધ્યાને લઇ, આગળની ભરતી પ્રક્રિયા માટે ઉમેદવારોને માન્ય ગણવા અંગે નીતી નક્કી કરવા મ્યુનિ.કમિશનરશ્રીનો નિર્ણય આખરી ગણાશે.
- આ જગ્યા માટે અરજી કરવાની તથા નિયત ફી ભરવાની છેલ્લી તારીખ ૦૯/૦૨/૨૦૨૧ છે. અરજી કરવાની છેલ્લી તારીખ ૦૯/૦૨/૨૦૨૧ સુધીમાં અરજી કરેલ અને કોઇપણ સંજોગોમાં ફી ભરપાઈ થઇ શકેલ ન હોય તો તેવા ઉમેદવારો ફક્ત તા.૧૨/૦૨/૨૦૨૧ ના રાત્રી ૧૧:૫૯ સુધી નિયત ફી ઓનલાઈન માધ્યમથી જમા કરી અરજી કન્ફર્મ કરી શકશે.

વધુ માહિતી માટે જુઓ વેબસાઈટ - **www.rmc.gov.in**